# FAQ

**Question: વિદ્યાર્થીને ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં નીચેની Error આવતી હોય તો શું કરવું?**




અથવા



**Answer**: વિદ્યાર્થીને જો ઉપર મુજબની error આવતી હોય તો 1. Admission letter 2. Birthday proof 3.Last mark sheet 4. Error screenshot. આ ચાર ડોક્યુમેન્ટ સ્કેન કરી mysygujarat2018@gmail.com ઉપર ઈ-મેઈલ કરવો અથવા વિદ્યાર્થીએ જે ડીપાર્ટમેન્ટમાં આવતા હોય તે ડીપાર્ટમેન્ટનો રૂબરૂ સંપર્ક કરવો. વિદ્યાર્થી ડીપાર્ટમેન્ટનું લીસ્ટ https://mysy.guj.nic.in/ વેબસાઈટ ઉપર **For all other queries kindly meet at the Help center and concern Department. Click here for list of Departments**ની લીંક ઉપર જોઈ શકે છે અથવા ડીપાર્ટમેન્ટના લીસ્ટની લીંક- https://mysy.guj.nic.in/Noticeboard/Department%20list.pdf છે.

**Question**: **વિદ્યાર્થીએ પોતાના એપ્લીકેશનનું status કેવી રીતે જોવું?**

**Answer**: વિદ્યાર્થી પોતાનું status https://mysy.guj.nic.in/ વેબસાઈટ ઉપર Check Status of your Application status ઉપર જોઈ શકે છે. અથવા આ લીંક ઉપર જોઈ શકશે. https://mysy.guj.nic.in/Frm_open_stat.aspx

વિદ્યાર્થીએ પોતાનું status દર ૫-૭ દિવસે check કરતા રહેવું.

Screenshot:



**Question**: વિદ્યાર્થીને પોતાના એપ્લીકેશન **status**માં કોઈ ડોક્યુમેન્ટ **PENDING** બતાવતા હોય તો શું કરવું?




**Answer**: વિદ્યાર્થી પોતાનું status https://mysy.guj.nic.in/ વેબસાઈટ ઉપર Check Status of your Application status ઉપર અથવા આ લીંક https://mysy.guj.nic.in/Frm_open_stat.aspx ઉપર જોવું.

Screenshot:




વિદ્યાર્થીને જો તેમાં કોઈ ડોક્યુમેન્ટ pending બતાવતા હોય તો વિદ્યાર્થીએ પોતાનું APPLICATION UNLOCK કર્યા સિવાય Check Status of your Application statusની લીંક ઉપર જે ડોક્યુમેન્ટ PENDING બતાવતા હોય તે UPLOAD કરવું અને ફક્ત તેજ PENDING ડોક્યુમેન્ટનું વેરીફીકેશન હેલ્પ-સેન્ટરમાં કરાવવાથી વિદ્યાર્થીને UPLOAD AND VERIFIED ગ્રીન કલરમાં બતાવશે ત્યારબાદ વિદ્યાર્થીએ આગળ કોઈ પણ PROCESS કરવાની જરૂર નથી ભલે **Application sanctioned by commissionerate** માં pending બતાવતા હોય કારણ કે **Application sanctioned by commissionerate**માં DONE વિદ્યાર્થીને PENDING DOCUMENT UPLOAD AND VERIFIED ગ્રીન કલરમાં બતાવશે તેના અંદાજીત ૧૫-૨૦ દિવસમાં થશે.




**Question**: **વિદ્યાર્થીની સહાયની રકમ તેના બેંક એકાઉન્ટમાં ક્યારે જમા થશે?**

**Answer**: વિદ્યાર્થીની સહાયની રકમ તેના બેંક એકાઉન્ટમાં **Application sanctioned by commissionerate** માં જયારે DONE બતાવે ત્યારબાદ અંદાજીત ૨૫-૩૦ દિવસમાં જો બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે NPCIમાં લીંક હશે તો થશે પરતું જો વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે NPCIમાં લીંક નહિ હોય તો બીજા અંદાજીત ૨૦-૨૫ દિવસ થશે.

**Question: વિદ્યાર્થીને જો સહાયની રકમ ઓછી આવી હોય તો શું કરવું?**

Answer: વિદ્યાર્થીએ પોતે જે ડીપાર્ટમેન્ટમાં આવતા હોય તે ડીપાર્ટમેન્ટનો રૂબરૂ સંપર્ક કરવો.

ડીપાર્ટમેન્ટનું લીસ્ટ https://mysy.guj.nic.in/ વેબસાઈટ ઉપર **For all other queries kindly meet at the Help center and concern Department. Click here for list of Departments**ની લીંક ઉપર જોઈ શકે છે અથવા ડીપાર્ટમેન્ટના લીસ્ટની લીંક- https://mysy.guj.nic.in/Noticeboard/Department%20list.pdf

**Question: વિદ્યાર્થીએ ઓનલાઈન એપ્લીકેશન કર્યા પછી ડોક્યુમેન્ટ વેરીફીકેશન ક્યાં કરાવવાનું?**

**Answer:** વિદ્યાર્થીએ ઓનલાઈન એપ્લીકેશન કર્યા પછી ડોક્યુમેન્ટ વેરીફીકેશન હેલ્પ સેન્ટરમાં કરાવવું જેનું લીસ્ટ https://mysy.guj.nic.in/ વેબસાઈટ ઉપર List of Help Centers લીંક ઉપર આપેલ છે.

**Question: વિદ્યાર્થીએ ઓનલાઈન એપ્લીકેશન STATUS માં Application sanctioned by commissionerateમાં UNDER SCRUNITY બતાવતા હોય તો તેનો અર્થ શું?**

**Answer:** વિદ્યાર્થીએ ઓનલાઈન એપ્લીકેશન STATUS માં **Application sanctioned by commissionerate**માં UNDER SCRUNITY બતાવતા હોય તો તેનો અર્થ તમારી એપ્લીકેશન UNDER PROCESSમાં છે તેમ થાય.

**Question: વિદ્યાર્થીએ ઓનલાઈન એપ્લીકેશન STATUS માં Application sanctioned by commissionerateમાં આડી લાઈન (-) બતાવતા હોય તો તેનો અર્થ શું?**

**Answer:** વિદ્યાર્થીએ ઓનલાઈન એપ્લીકેશન STATUS માં **Application sanctioned by commissionerate**માં આડી લાઈન (-) બતાવતા હોય તો તેનો અર્થ તમારી એપ્લીકેશન UNDER PROCESSમાં છે તેમ થાય.

**Question: વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ કેવું હોવું જોઈએ?**

**Answer:** વિદ્યાર્થીઓની મંજુર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સ્ફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીઓએ બેંકમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ બેંક ખાતા સાથે વિદ્યાર્થીઓએ પોતાના આધારનંબર જોડવાના (seeding) રહેશે.

જો વિદ્યાર્થીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય અને તેનું બેંક એકાઉન્ટ minor હોય અને જો તેની સહાયની રકમ રૂપિયા ૫૦,૦૦૦=૦૦ થી વધારે હોય તો તેવા વિદ્યાર્થીએ પોતાના માતા/પિતા સાથે જોઈન્ટમાં એકાઉન્ટ ખોલાવવું જેમાં વિદ્યાર્થીનું નામ પ્રથમ હોય અને તેવા એકાઉન્ટની વિગત આપવી.

જો વિદ્યાર્થીની સહાયની રકમ રૂપિયા ૫૦,૦૦૦=૦૦ થી વધારે હોય તો તેવા વિદ્યાર્થીએ ઝીરો બેલેન્સ ફેસીલીટીવાળા(જનધન) એકાઉન્ટના ખાતાની વિગતો ના આપવી કારણકે તેવા એકાઉન્ટમાં maximum limit રૂપિયા ૫૦,૦૦૦=૦૦ ની જ હોય છે.

**Question: વિદ્યાર્થીએ પોતાનું આધાર કાર્ડ બેંક એકાઉન્ટમાં કેવી રીતે લીંક કરાવવું અથવા નીચે મુજબ message આવ્યો હોય તો શું કરવું?**

Message: Your payment for MYSY scholarship could not be processed as your Aadhaar card is not linked with your bank. Kindly link your Aadhaar card within 7 days and must confirm linking status with official website: https://resident.uidai.gov.in/check-aadhaar-linking-status

**Answer:** વિદ્યાર્થીનું બેંકમાં આધારકાર્ડ લીંક બતાવતું હોય પરંતુ જો https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ ઉપર જો લીંક ના બતાવતું હોય તો નીચેના ઉપાયોની મદદથી આધારકાર્ડ બેંક સાથે લીંક કરાવવાનું રહેશે.

ઉપાય(**solution**)

Solution- 1

- જ્યાં સુધી તમારું આધારકાર્ડ લીંક ના થાય ત્યાં સુધી તમારી **બેંકને કહો કે NPCI (NATIONAL PAYMENTS CORPORATION OF INDIA)** માં **આધારકાર્ડનો DATA SEND** કરે. જ્યાં સુધી બેંકમાંથી NPCI (NATIONAL PAYMENTS CORPORATION OF INDIA)માં આધારકાર્ડનો DATA SEND નહિ થાય ત્યાં સુધી તમારું આધારકાર્ડ લીંક નહિ થાય.

**અથવા**

Solution- 2

- Google search માં **circular number 251 aadhaar status** type કરવાથી NPCI નું આધારકાર્ડ લીંક કરવાનું ફોર્મ મળશે જે DOWNLOAD કરી જરૂરી માહિતી ભરી બેંકમાં આપી બેંકને કહો કે DBT (direct benefit transfer) facility enable કરે.

**અથવા**

Solution- 3

- **બેંકને કહો કે NPCI (NATIONAL PAYMENTS CORPORATION OF INDIA)** માં **npci.dbtl@npci.org.in** પર ઈ-મેઇલ send કરે જેમાં આધારકાર્ડ બેંકમાં લીંક છે પરંતુ https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ પર લીંક કેમ બતાવતું નથી તેનું reason અને solution બતાવે.

**અથવા**

**Solution-4**

- જો ઉપરના ત્રણ solution થી પણ આધારકાર્ડ https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ પર લીંક ના બતાવતું હોય તો **બીજી કોઈપણ બેંકમાં જે NPCI માં આધારકાર્ડ લીંક કરી આપતી હોય તેવી કોઈપણ બેંકમાં નવું ખાતું ખોલાવી દેવું.** તમારું આધારકાર્ડ https://resident.uidai.gov.in/bank-mapper પર જે બેંકમાં લીંક બતાવતા હશે તે બેંકના ખાતામાં જ તમારી સ્કોલરશીપ AUTOMATIC જમા થશે. તમારું આધારકાર્ડ https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ પર બેંકમાં લીંક બતાવતા હશે તો ત્યારબાદ વિદ્યાર્થી દ્વારા આગળની બીજી કોઈપણ PROCESS કરવાની જરૂર રહેશે નહિ. **(આધારકાર્ડ લીંક થતા ઓછામાં ઓછા ૭ દિવસ થાય છે)**

વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ બેંક એકાઉન્ટમાં લીંક કર્યા બાદ તેની જાણ કેસીજીને રૂબરૂમાં કરવાની જરૂર નથી. વિદ્યાર્થીની સહાયની રકમ તેના ખાતામાં વિદ્યાર્થી પોતાનું બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે NPCIમાં લીંક કરાવશે તેના અંદાજીત ૨૦-૨૫ દિવસમાં થશે.

**Question**: વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ કેવી રીતે ACTIVE/VALID કરાવવું?

**Answer**: વિદ્યાર્થીના mobile ઉપર જો નીચે મુજબનો message આવ્યો હોય તો નીચેના ઉપાયોની મદદથી આધારકાર્ડ ACTIVE/VALID કરાવવું.

**MESSAGE:** Your payment for MYSY scholarship could not be processed as your Aadhaar card is **inactive/invalid** with your bank. Kindly activate your Aadhaar card within 7 days and must confirm linking status with below link https://resident.uidai.gov.in/bank-mapper

ઉપાય(solution)

વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ active/valid કરાવવા માટે https://uidai.gov.in ની વેબસાઈટ પર આપેલા આધારકાર્ડના Aadhaar Kendra/Enrolment Centre પર જઈને પોતાનું આધારકાર્ડ active/valid કરાવવું **અથવા** વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ active/valid કરાવવા માટે https://uidai.gov.in ની વેબસાઈટ પરથી online update કરાવવું.

વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ active/valid કર્યા બાદ તેની જાણ કેસીજીને રૂબરૂમાં કરવાની જરૂર નથી. વિદ્યાર્થીની સહાયની રકમ તેના ખાતામાં વિદ્યાર્થી પોતાનું આધારકાર્ડ active/valid કરાવશે તેના અંદાજીત ૨૦-૨૫ દિવસમાં થશે.

**Question**: **"DELAYED STUDENTS" ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની માત્ર રીન્યુઅલ સહાયની અરજી માટેની લીંકમાં ક્યા વિદ્યાર્થીઓ ELIGIBLE છે?**

**Answer**: "DELAYED STUDENTS" ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની માત્ર રીન્યુઅલ સહાયની અરજી માટેની લીંકમાં ફક્ત નીચેના વિદ્યાર્થીઓ ELIGIBLE છે.

## ADMISSION YEAR 2015ના ફક્ત નીચેના વિદ્યાર્થીઓ delayed લિંકમાં Eligible છે.

| Condition | FRESH (2015-16) | 1ST RENEWAL (2016-17) | DELAYED LINK (2017-18) (2ND RENEWAL) |
|---|---|---|---|
| Condition1 | સહાય મળી | સહાય ન મળી | Eligible છે |
| Condition2 | સહાય ન મળી | સહાય ન મળી | Eligible છે |
| Condition3 | સહાય મળી | સહાય મળી | Eligible નથી |

ADMISSION YEAR 2016ના ફક્ત નીચેના વિદ્યાર્થીઓ delayed લિંકમાં Eligible છે.

| Condition | FRESH (2016-17) | DELAYED LINK (2017-18) (1ST RENEWAL) |
|---|---|---|
| Condition1 | સહાય મળી | Eligible નથી |
| Condition2 | સહાય ન મળી | Eligible છે |

**આ લીંક માટે ફક્ત નીચેના જ વિદ્યાર્થીઓ ELIGIBLE રહેશે.**

૧. જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૫-૧૬માં ADMISSION લીધું હોય અને જો તેઓ વર્ષ ૨૦૧૫-૧૬ અથવા ૨૦૧૬-૧૭ બેમાંથી કોઈપણ એક વર્ષમાં અથવા બંને વર્ષમાં શરતચૂકથી અરજી કરી ન શક્યા હોય કે આવક મર્યાદાની પાત્રતા સંતોષતા ન હોવાના કારણે અરજી રીજેક્ટ થયેલ હોય તો તે વિદ્યાર્થીઓની માટે જ આ લીંક છે.

ઉદાહરણ: ABC વિદ્યાર્થીએ વર્ષ ૨૦૧૫-૧૬માં ADMISSION લીધું હોય અને તેને વર્ષ ૨૦૧૫-૧૬માં સહાય મળી હોય ત્યારબાદ જો તે વિદ્યાર્થી ૨૦૧૬-૧૭માં શરતચૂકથી અરજી કરી ન શક્યા હોય કે આવક મર્યાદાની પાત્રતા સંતોષતા ન હોવાના કારણે અરજી રીજેક્ટ થયેલ હોય તો તે વિધાર્થી આ લીંક માટે ELIGIBLE ગણાય પરંતુ જો તે વિદ્યાર્થીએ વર્ષ ૨૦૧૫-૧૬માં ADMISSION લીધું હોય અને ૨૦૧૫-૧૬માં સહાય મળી હોય ત્યારબાદ જો તે વિદ્યાર્થીને વર્ષ ૨૦૧૬-૧૭માં પણ સહાય મળી હોય તો તે વિદ્યાર્થી આ લીંક માટે ELIGIBLE નથી.

૨. જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૬-૧૭માં ADMISSION લીધું હોય અને જો તે વિદ્યાર્થી ૨૦૧૬-૧૭માં શરતચૂકથી અરજી કરી ન શક્યા હોય કે આવક મર્યાદાની પાત્રતા સંતોષતા ન હોવાના કારણે અરજી રીજેક્ટ થયેલ હોય તો તે વિધાર્થી આ લીંક માટે ELIGIBLE ગણાય

ઉદાહરણ: ABC વિદ્યાર્થીએ વર્ષ ૨૦૧૬-૧૭માં ADMISSION લીધું હોય અને જો તે વિદ્યાર્થી ૨૦૧૬-૧૭માં શરતચૂકથી અરજી કરી ન શક્યા હોય કે આવક મર્યાદાની પાત્રતા સંતોષતા ન હોવાના કારણે અરજી રીજેક્ટ થયેલ હોય તો તે વિધાર્થી આ લીંક માટે ELIGIBLE ગણાય પરંતુ જો તે વિદ્યાર્થીએ વર્ષ ૨૦૧૬-૧૭માં ADMISSION લીધું હોય અને તેને વર્ષ ૨૦૧૬-૧૭માં સહાય મળી હોય તો તે વિદ્યાર્થી આ લીંક માટે ELIGIBLE નથી.

નોંધ: જે વિદ્યાર્થીઓએ ૨૦૧૭-૧૮ની Delayed લીંકમાં Apply કર્યું હોય અને તેમની એપ્લીકેશન Application sanctioned by commissionerate દ્વારા મંજુર થાય ત્યારબાદ ૨૦૧૮-૧૯ની રેગ્યુલર રીન્યુઅલ લિન્કમાં Apply કરવું.